તા.૧૫/૦૬/૨૦૦૪ના ઠરાવથી રહેમરાહે નિમણૂંક પામેલ કર્મચારીઓની (૦૫)પાંચ વર્ષની ફિક્સ પગારથી બજાવેલ સેવાઓ બઢતી, પ્રવરતા, ઉચ્ચત્તર પગાર ધોરણ અને નિવૃત્તિ વિષયક લાભો માટે માન્ય ગણવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાકઃ રહમ-૧૦૨૦૧૮-યુઓ-૨૦૧-ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ૧૧-૧૦-૨૦૨૨

વંચાણે લીધા :-

(૧) સા. વ. વિભાગનો તા. ૧૫-૦૬-૨૦૦૪નો ઠરાવ ક્રમાંક : ભરત-૧૦૨૦૦૪-૩૮૫-ક

(૨) નાણા વિભાગનો તા. ૧૬-૦૨-૨૦૦૬નો ઠરાવ ક્રમાંક : ખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧

આમુખ :

વંચાણે લીધા ક્રમાંક (૧) ના અત્રેના તા.૧૫/૦૬/૨૦૦૪ના ઠરાવથી રાજ્ય સરકારમાં ચાલુ નોકરી દરમિયાન અવસાન પામતા સરકારી કર્મચારીઓના આશ્રિત કુટુંબના સભ્યને એડહોક ધોરણે રહેમરાહે નિમણૂંક આપવાની નીતિ નિયત કરેલ હતી. આ નીતિ અંતર્ગત એડહોક ધોરણે નિમણૂંક પામેલ કર્મચારીઓનો ૦૫(પાંચ) વર્ષનો ફિક્સ પગારનો સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થતા તેઓને નિયમિત પગારધોરણમાં ઉપલબ્ધ જગ્યા સામે ક્રમાનુસાર સમાવવામાં આવે છે. પરંતુ તેઓની ફીક્સ પગારની નોકરીનો ૦૫(પાંચ) વર્ષનો એડહોક નિમણૂંકનો સમયગાળો કોઇપણ સેવા વિષયક હેતુ માટે ધ્યાને લેવામાં આવતો નથી. આથી આ નીતિ અંતર્ગત રહેમરાહે નિમણૂંક પામેલ કર્મચારીઓનો ૦૫(પાંચ) વર્ષનો એડહોક નિમણૂંકનો સમયગાળો સેવા વિષયક હેતુ માટે ધ્યાને લેવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપૂર્વક વિચારણાના અંતે વંચાણે લીધા ક્રમાંક (૨) ના નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવથી નિયત થયેલ ફિક્સ પગારની નીતિ પહેલા વંચાણે લીધા ક્રમાંક (૧) ના અત્રેના તા.૧૫/૦૬/૨૦૦૪ના ઠરાવથી રહેમરાહે નિમણૂંક પામેલા કર્મચારીઓની ફિક્સ પગારની ૦૫(પાંચ) વર્ષની સેવાઓ બઢતી, પ્રવરતા, ઉચ્ચત્તર પગાર ધોરણ અને નિવૃત્તિ વિષયક લાભો માટે સેવા તરીકે માન્ય ગણવાનું નીચેની શરતોને આધીન ઠરાવવામાં આવે છે.

(૧) આ પાંચ (૦૫) વર્ષની ફિક્સ પગારની નોકરીનો સમયગાળો બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ વિષયક મળવાપાત્ર લાભોની ગણતરી માટે જ ધ્યાને લેવાનો રહેશે. આ સિવાય અન્ય કોઈપણ પ્રકારનો સેવાકીય/નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહીં.

(૨) આ ફિક્સ પગારની સેવાના સમયગાળા માટે કોઈપણ પ્રકારના ઈજાફા ગણતરીમાં, નોશનલના હેતુ માટે પણ, ધ્યાને લેવાના રહેશે નહીં.

(૩) આ ફીક્સ પગારની સેવા ધ્યાને લેવાના કારણે પગાર બંધણી થતાં નક્કી થતાં પગારનો તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સંપૂર્ણ સમયગાળા સુધીનો કોઇપણ પ્રકારનો તફાવત (એરીયર્સ) રોકડમાં કે અન્ય કોઇપણ રીતે ચૂકવવાપાત્ર થશે નહિ. અર્થાત તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળા માટે આ ગણતરી માત્ર નોશનલ કરવાની રહેશે. તેમજ તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળાનું કોઇ એરીયર્સ મળવાપાત્ર થશે નહિ અર્થાત તા.૦૧/૦૪/૨૦૧૯ થી એરીયર્સ સાથે સળંગ નોકરીનો લાભ આપવાનો રહેશે.

(૪) જે કર્મચારીઓને હાલની તારીખે જૂની પેન્શન યોજના લાગુ પડે છે તેઓને જૂની પેન્શન યોજના લાગુ પડશે. જે કર્મચારીઓને નવી પેન્શન યોજનામાં જોડાયેલ છે તેઓને નવી પેન્શન યોજના જ લાગુ પડશે. એટલે કે પાંચ (૦૫) વર્ષની ફિક્સ પગારનો સમયગાળો ધ્યાને લેવાના કારણે તેઓને હાલમાં લાગુ પડેલ પેન્શન યોજનામાં કોઈ ફેરફાર આવશે નહીં.

૨. આ ઠરાવનો અમલ તા.૦૧/૦૪/૨૦૧૯ની અસરથી કરવાનો રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૦૭-૧૦-૨૨ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સિમરન પોપટાણી)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીના અંગત સચિવશ્રી.
ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો. (સર્વે ખાતાના વડાઓ/ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના ધ્યાને લાવવાની સૂચના સહ).
સા.વ.વિભાગની સર્વે શાખાઓ / સર્વે અધિકારીશ્રીઓ.
વિશિષ્ટ ફાઇલ.
વિભાગના સિસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારું.
*પત્ર દ્વારા